**(૧૧) ગુજરાતરાજ્ય સેવા (ત.સા.) નિયમો -૧૯૮૮ ના નિયમ - ૨ (૭) (૬)માં સુધારા અંતર્ગત (હિયરિંગ એઈડ) સાંભળવાના મશીન અંગે**

ગુજરાતસરકાર, આરોગ્ય અને પરિવારકલ્યાણ વિભાગ, ઠરાવક્રમાંક : એમએજી-102005-2742-અ
સચિવાલય , ગાંધીનગર, તા. 8-10-2007

વંચાણમાં લીધા :

(1) આરોગ્ય અને પરિવારકલ્યાણ વિભાગનો ઠરાવક્રમાંક : એમએજી- 1088-2616-ઘ, તા.20-12-'88.
(2) આરોગ્ય અને પરિવારકલ્યાણ વિભાગનો ઠરાવક્રમાંક : એમએજી-1095-2471-અ, તા. 18-1-'96.
(3) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો ઠરાવક્રમાંક : એમએજી-2003-2267-અ,તા. 14-9-'04.
(4) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનોઠરાવક્રમાંક :એમએજી-102005-2742-અ, તા. 1-11-'06.

આમુખ :

ગુજરાતરાજ્ય સેવા (ત.સા.)નિયમો -1988 ના નિયમ 2(7) (૬)થી સાંભળવાના સાધન હિયરિંગ એઈડ માટેનું રિએમ્બર્સમેન્ટ કાન, નાક અને ગળાના સર્જનના પ્રમાણપત્રના આધારે સરકારી કર્મચારીને સમગ્ર નોકરી દરમ્યાન ફક્ત એક વખત મળવાપાત્ર થતું હતું. આ અંગે વિભાગને કર્મચારીઓ તથા વિવિધ મંડળો તરફથી મળેલ રજૂઆતના અનુસંધાને કર્મચારીઓને સાંભળવાનું સાધન (હિયરિંગ એઈડ) ખરાબ થઈ જવાના કારણે, કાનની બહેરાશમાં વધારા થવાના કારણે બીજી વખત લેવાનું બનતું હોઈ, બીજી વખત આપવાનું સરકારશ્રીની વિચારણા હેઠળ હતું.

ઠરાવ :

સરકારશ્રીની સક્રિય વિચારણા બાદ આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાતરાજ્ય સેવા (ત.સા.)નિયમો- 1988 ના નિયમ 2(7) (૬)થી કરવામાં આવેલ જોગવાઈ મુજબ એક જ વાર ''સાંભળવાનું સાધન'' (હિયરિંગ એઈડ)મળવાપાત્ર છે તે અંકુશ આથી દૂર કરવામાં આવે છે તથા એકવાર ''સાંભળવાનું સાધન'' મંજૂર કરવામાં આવેલ હશે ત્યારબાદ દર સાત (7) વર્ષ પછી તબીબી -પ્રમાણપત્રના આધારે આ સાધન ખરીદી શકાશે.

આ સાધન અંગેની કિંમત તા. 1-11-2006 ના ઠરાવથી નિયત થયેલ છે તે મુજબની રહેશે તથા પ્રસ્તુત સાધન સરકારી કર્મચારી / અધિકારીઓ અને તેમનાં કુટુંબીજનો તથા પેન્શનરોને મળવાપાત્ર રહેશે પરંતુ પેન્શનરોના કુટુંબના આશ્રિતસભ્યોને આ લાભ મળવાપાત્ર થશે નહિ.

આ હુકમો વિભાગના સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.31-7-2007 તથા તા.10-10-'07 થી મળેલ અનુમતિના અનુસંધાને બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, કે.એલ.ખાંટ
ઉપસચિવશ્રી, આરોગ્ય અને પરિવારકલ્યાણ વિભાગ

★★★★★★